દહેજમાં ફરી 'કાળું પાણી' વહેતાં વિવાદ

દહેજની SRF કંપની વિરુદ્ધ ફરી પ્રદૂષણનો આક્ષેપ, GPCBએ સેમ્પલ લઈ તપાસ શરૂ કરી

ભરૂચઃ ઔદ્યોગિક શહેર દહેજના GIDC વિસ્તારમાં આવેલી SRF કંપની ફરી એક વખત પ્રદૂષણના વિવાદમાં આવી ગઈ છે. કંપનીની હદમાંથી પસાર થતા નાળા અને ડ્રેનેજ સિસ્ટમમાંથી ઘાટા કાળા રંગનું શંકાસ્પદ પ્રવાહી વહેતું હોવાની સ્થાનિકોએ ફરિયાદ કરતાં GPCBની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને GPCBના અધિકારીઓએ બુધવારે મોડી સાંજે સ્થળ પર દોટ મૂકી હતી. તેમણે પ્રવાહી તેમજ આસપાસના જળસ્ત્રોતના નમૂના લઈને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલી આપ્યાં છે. જો કે, આ પ્રવાહી SRF કંપની તરફથી જ છોડવામાં આવ્યું છે કે કોઈ અન્ય સ્ત્રોતમાંથી લીકેજ થયું છે, તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર સ્પષ્ટતા થઈ નથી. GPCBના અધિકારીએ જણાવ્યું કે, તપાસ પૂર્ણ થયા વિના કંઈપણ કહેવું વહેલું છે. રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટતા થશે.

દહેજ વિસ્તારમાં ઔદ્યોગિક પ્રદૂષણની ફરિયાદો નવી નથી, પરંતુ આ વખતે નાળામાં વહેતું પાણી સામાન્ય કરતાં વધુ ઘાટું અને અસ્વભાવિક કાળું હોવાનું જોવા મળ્યું હતું. સ્થાનિકોનો ડર છે કે તેમાં રાસાયણિક કચરો કે ઝેરી તત્ત્વો હોય તો તેની સીધી અસર જમીન, ભૂગર્ભ જળ, ખેતી, પશુધન અને માનવ સ્વાસ્થ્ય પર થઈ શકે છે. સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યો કે, અમે વારંવાર ઔદ્યોગિક કચરાનો સામનો કરીએ છીએ, પણ આ વખતનો રંગ અને તીવ્રતા જોઈને ગભરાટ ફેલાયો છે. જો ETP (ઈફ્લુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) જેવી સુવિધાઓ કાર્યરત હોય, તો આવું પાણી બહાર કેમ આવ્યું? તપાસમાં SRF કંપની દોષિત ઠરે તો જવાબદાર અધિકારીઓ અને કંપની સામે કડક કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. ઉલ્લેખનીય છે કે આ બાબતે કોઈ SRF કંપની તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી.

ભરૂચ-અંકલેશ્વર પાલિકા સમિતિના ચેરમેનોની પસંદગીનું કોકડું ઉકેલાયું

ત્રણ મહિનાની રાહ બાદ અંતિમ યાદી જાહેર

ભરૂચ, અંકલેશ્વરઃ સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ ભરૂચ અને અંકલેશ્વર નગરપાલિકામાં પ્રમુખ સહિત મુખ્ય હોદ્દેદારો તો નિમાયા હતા, પરંતુ વિવિધ સમિતિઓના ચેરમેનોનું કોકડું ત્રણ મહિનાથી ગૂંચવાયું હતું. આ આખરે શુક્રવારે સવારે 11:30 વાગ્યે યોજાયેલી સામાન્ય સભામાં ઉકેલાયું હતું. જો કે, બેઠક દરમિયાન અસંતોષ અને વિવાદનાં દૃશ્યો પણ જોવા મળ્યાં હતાં.

નગરપાલિકાના સભાખંડમાં યોજાયેલી આ ઐતિહાસિક સામાન્ય સભામાં પક્ષના નેતૃત્વ દ્વારા લાંબી ચર્ચા અને મંથન બાદ આખરે વિવિધ સમિતિઓના ચેરમેનનાં નામ જાહેર કરવામાં આવ્યાં હતાં. રાજકીય સૂત્રોના જણાવ્યાનુસાર પાણી, ગટર, માર્ગો, સ્વચ્છતા, આરોગ્ય, બાગ-બગીચા અને અન્ય નાગરિક સુવિધાઓ સંબંધિત સમિતિઓ માટે અનેક સભ્યોએ મજબૂત દાવેદારી દર્શાવી હતી, પરંતુ અંતિમ યાદીમાં કેટલાક વરિષ્ઠ સભ્યોને સ્થાન ન મળતાં સભાગૃહમાં તણાવ ફાટી નીકળ્યો હતો. સભ્યો વચ્ચે ચર્ચા અને મતભેદના અવાજો પણ સાંભળવા મળ્યા, રાજકીય વર્તુળો આ નિમણૂકોને અત્યંત મહત્ત્વપૂર્ણ માની રહ્યા છે. કારણ કે, આગામી સમયમાં શહેરનાં વિકાસ કાર્યોને ગતિ આપવા માટે આ સમિતિઓની ભૂમિકા નિર્ણાયક રહેશે. ત્રણ મહિનાની અનિશ્ચિતતા બાદ હવે પાણી, ગટર, માર્ગો અને સ્વચ્છતા જેવી બાબતોમાં ઝડપી નિર્ણયો લેવાશે તેવી અપેક્ષા છે. જો કે, કેટલાક દાવેદારોને સ્થાન ન મળતાં આંતરિક અસંતોષ પણ સપાટી પર આવ્યો છે, જે નવી ટીમ માટે પડકારરૂપ સાબિત થઈ શકે છે.

ભરૂચ પાલિકાનાં ચેરમેનનાં નામો જાહેર

ડ્રેનેજ, માધ્યમિક શાળા અને APMC સમિતિને બાદ કરતાં કારોબારી સમિતિમાં પ્રજ્ઞેશ પટેલ, વોટર વર્કસ અને ગટરમાં હેમેન્દ્ર પ્રજાપતિ, પબ્લિક વર્કસ સમિતિમાં અપર્ણ જોષી, ફાયનાન્સ અને ટેક્સેશન સમિતિમાં ચિરાગ ભટ્ટ, કાયદા સમિતિમાં કાજોલ વસાવા, ફાયર અને મોટર ગેરેજ/વાહન સમિતિમાં ચેતન રાણા, સમાજ કલ્યાણ સમિતિમાં વિજય મકવાણા, એસ્ટાબ્લિશમેન્ટ સમિતિમાં દક્ષા વસાવા, લાઇટ સમિતિમાં ભાવિન પટેલ સેનેટરી/હેલ્થ એન્ડ સેનિટેશન સમિતિમાં જીગીશા પટેલ, શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિમાં વિશ્રુતિ દૂધવાલા, મેડિકલ/ડિસ્પેન્સરી સમિતિમાં ભાવીન મિસ્ત્રી અને બાગ બગીચા/રિક્રિએશન સમિતિમાં હેમાંગિની મિસ્ત્રીની નિમણૂક કરાઈ છે.

અંકલેશ્વર પાલિકામાં ચેરમેનનાં નામો જાહેર

કારોબારી સમિતિમાં રાહુલ વામજા, વોટર વર્કસ અને ગટરમાં વિશાલ ચૌહાણ, ડ્રેનેજ સમિતિમાં સંદીપભાઈ જમિયતભાઈ પટેલ, લાઇટ સમિતિમાં મનીષાબેન હેમંતભાઈ પટેલ, સેનેટરી/હેલ્થ એન્ડ સેનિટેશન સમિતિમાં નરેન્દ્રભાઈ ગણપતભાઈ પટેલ, મેડિકલ/ડિસ્પેન્સરી સમિતિમાં દીક્ષિતાબેન કેયૂરભાઈ રાણા, બાગ બગીચા/રિક્રિએશન સમિતિમાં હેતલબેન મિનેશકુમાર ગાંધી, માધ્યમિક શાળા સમિતિમાં શિલ્પાબેન કલ્પેશભાઈ સુરતી અને APMC સમિતિમાં અમીશાબેન સુનિલભાઇ પટેલની નિમણૂક કરાઈ છે.

સંક્ષિપ્ત સમાચાર

પીપોદરામાં યુવકે ફાંસો ખાધો

હથોડાઃ માંગરોળના પીપોદરાના વિવેકાનંદ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં 'યોગેશ્વર ફેબ' કંપનીના પાંચમા માળે આવેલા રૂમ નં.૨૧માં રહેતા ૨૩ વર્ષીય શ્રમિક યુવક બાદલ બેનુધર પરીડાએ તા.૧૭/૭/૨૦૨૬ના રોજ સવારે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ ઓડિશાના પુરી જિલ્લાના ગરચયનપુર ગામનો વતની બાદલ અહીં મજૂરી કામ કરતો હતો. તેણે પોતાના રૂમની છતનાં પતરાં સાથે લગાવેલી લોખંડની એંગલ પર ગમછા વડે અગમ્ય કારણોસર ફાંસો ખાતાં તેનું મોત નીપજ્યું હતું. આ અંગે તેના સંબંધી દેબરાજ પરીડાએ પાલોદ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પોલીસે આ મામલે અકસ્માત મોતની નોંધ કરી એ.એસ. આઈ. રવિભાઈ ખાટાભાઈ દ્વારા આગળની તપાસ હાથ ધરાઈ છે.

ભરૂચમાં ટ્રાફિક પોલીસ ચોકી પાછળથી બાઈક ચોરાતાં ફરિયાદ

ભરૂચઃ ભરૂચના ઓસારા રોડ પર રહેતા અને વિલાયતની કંપનીમાં ઇલેક્ટ્રિશિયન તરીકે નોકરી કરતા દીક્ષિતકુમાર પટેલે બાઈક ચોરી અંગે ફરિયાદ નોંધાવી છે. ગત ૬ જુલાઈના રોજ તેમણે પોતાની પેશન પ્રો મોટરસાઇકલ નં.(GJ-06-KL-0531) GNFC બસ સ્ટેશન પાસે ટ્રાફિક પોલીસ ચોકી પાછળ પાર્ક કરી હતી, જે સાંજે ગાયબ જણાઈ હતી. શોધખોળ બાદ બાઈક ન મળતાં આખરે ૧૫મી જુલાઈએ ઈ-FIR કરાતાં ભરૂચ સી-ડિવિઝન પોલીસે રૂ.૨૦ હજારની બાઈક ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગરુડેશ્વરના પીંછીપુરામાં જૂની અદાવતમાં હુમલો, બે સામે ગુનો દાખલ

રાજપીપળાઃ ગરુડેશ્વરના પીંછીપુરાના દલેલપુરા ફળિયામાં રહેતા અતીષભાઇ રમેશભાઇ તડવી (ઉ.વ.૨૩) અને તેમના મિત્ર અશોકભાઇ તડવી ખેતરે ભૂંડ ભગાડીને ઘરે જમવા પરત આવી રહ્યા હતા. દરમિયાન ગામના જ આરોપી અક્ષયે અતીષભાઇને મોંના ભાગે વાંસની લાકડીનો સપાટો મારી આંખ નીચે ફ્રેક્ચર જેવી ગંભીર ઇજા પહોંચાડી હતી. ત્યારબાદ આરોપી અક્ષય અને શુકન નામના શખ્સે બંને મિત્રને ઢીકાપાટુનો માર માર્યો હતો. હુમલાખોરોએ જો હવે પછી આ રસ્તા પરથી નીકળશો તો જાનથી મારી નાંખીશું તેવી ધમકી આપી ગાળો ભાંડી હતી. ઇજાગ્રસ્ત યુવકે ગરુડેશ્વર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

બ્યુટીપાર્લરમાં તૈયાર થવા ગયેલી પરિણીતાનો સોનાનો હાર ચોરાયો

કામરેજમાં ફોન પર વાત કરવાની નાની ભૂલ પરિણીતાને ભારે પડીઃ ૩.1.70 લાખનો હાર ગુમાવ્યો

કામરેજઃ કામરેજ ચાર રસ્તા નજીક ધરમ સોસાયટીમાં રહેતી પરિણીતા નણંદનાં લગ્ન હોવાથી ખોલવડ ખાતે આવેલી ગાયત્રીનગર સોસાયટીમાં પાર્લરમાં તૈયાર થવા ગઈને પર્સમાં મૂકેલો રૂ.1.70 લાખનો સાત તોલાના સોનાના હારની ચોરી થઈ ગઈ હતી.

મૂળ ભાવનગરના ચુડી અને હાલ કામરેજના નવાગામની ધરમ સોસાયટીમાં મકાન નં.7માં વનિતાબેન કિરણભાઈ શિહોરા પરિવાર સાથે રહે છે. ગુરુવારે નણંદ શીતલબેનના લગ્નનો પ્રસંગ હોવાથી બ્યુટી પાર્લરનો ઓર્ડર ખોલવડની ગાયત્રી નગર સોસાયટીમાં મકાન નં.41માં રહેતાં સંબંધી અર્પિતાબેન વિપુલ સોંડાગરને આપ્યો હતો. તૈયાર થવા માટે બંને નણંદ શીતલબેન, મિતલબેન, સાસુ ભાવનાબેન અને વનીતાબેન ગાયત્રીનગરમાં ગયાં હતાં.

ત્યાં અર્પિતાબેન તેમજ આશાબેન ધર્મેશભાઈ પ્રજાપતિ હતાં. નણંદનાં લગ્ન હોવાથી વનિતાબેન તેમની માતા મુક્તાબેન પાસેથી સાત તોલાનો સોનાનો હાર પહેરવા માટે લાવ્યાં હતાં. તે હાર પર્સમાં મૂકી પાર્લરમાં લઈ ગયાં હતાં. વનિતાબેનનો મેકઅપ અને હેર સ્ટાઈલ થઈ ગયા બાદ બંને નણંદો મેકઅપ અને હેર સ્ટાઈલ કરાવી રહી હતી. દરમિયાન પર્સમાં મૂકેલો સોનાનો હાર ગળામાં પહેરી પાર્લરમાં હાજર મહિલાઓને હાર સારો નથી લાગતો તેમ કહેતાં ફરી હાર પર્સમાં મૂકી ફોન આવતાં ગેલેરીમાં વાત કરવા માટે જતા રહ્યાં હતાં. દરમિયાન એક મહિલા રૂમમાંથી જતી રહી હતી. બંને નણંદોને તૈયાર થવામાં વાર લાગે એમ હોવાથી વનિતાબેન તેમજ સાસુ બંને ઘરે જવાની તૈયારી કરતાં હતાં અને પર્સમાં મૂકેલો સોનાનો હાર સાસુને પહેરવો હોવાથી કાઢવા હાર ન મળી આવતાં ચોરી થઈ જતાં કામરેજ પોલીસ મથકમાં રૂ.1,70,000ના હારની ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

નનસાડમાં 23 વર્ષીય યુવાનનો આપઘાત

કામરેજઃ મૂળ મહારાષ્ટ્રના ચેમ્બુર ખાતે ઠક્કરબાપા કોલોનીના વતની અને હાલ કામરેજના નનસાડ ગામે ગોપીનાથ રેસિડન્સીમાં રહી હીરામાં પંદર દિવસથી કામ કરતો ધ્રુવ હિંમતભાઈ પરમાર (ઉં.વ.23) ગુરુવારે સવારે મજા નથી તેમ કહી કામ હીરાના કામ પર ગયો ન હતો. સવારે 11.30 કલાકે માતા જીગ્નાબેનને મંદિર દર્શન કરવા જાઉં છું તેમ કહી ગયો હતો. સાંજે આશરે 5 કલાકે આવી પોતાના રૂમમાં જતો રહ્યો હતો. એકાદ કલાક થવા છતાં રૂમના દરવાજો ન ખોલતાં બે-ત્રણ માતાએ પુત્રને બૂમો પાડી હતી. છતાં પણ દરવાજો ન ખોલતાં પાડોશીને બોલાવીને દરવાજો તોડી અંદર જોતાં પંખા સાથે સાડી વડે ફાંસો ખાઈ ધ્રુવે આપઘાત કરી લીધો હતો. પોલીસને જાણ કરતાં અકસ્માત મોત નોંધી ધ્રુવ પરમારે ક્યાં કારણોથી આપઘાત કર્યો તે અંગે તપાસ કરી રહી છે.

ભરૂચમાં દરિયાકિનારે રહસ્યમય લાલ બોય તણાઈ આવતાં કુતૂહલ

દરિયાઈ સલામતી માટે ઉપયોગમાં લેવાતું મહત્ત્વપૂર્ણ સાંકેતિક સાધન હોવાનું જાણતાં લોકોને રાહત

ભરૂચઃ જંબુસરના દહેગામ ગામના દરિયા કિનારે ભરતી દરમિયાન એક વિશાળ લાલ રંગનું સાધન તણાઈ આવતાં સ્થાનિક લોકોમાં ભારે કુતૂહલ ફેલાયું હતું. આ બાબતે ગ્રામજનોએ તાત્કાલિક સ્થાનિક વહીવટી તંત્રને જાણ કરી હતી.

પ્રાથમિક તપાસમાં આ વસ્તુ નેવિગેશન બોય હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. નેવિગેશન બોયનો ઉપયોગ દરિયાઈ જહાજોને સુરક્ષિત માર્ગદર્શન આપવા, ખતરનાક વિસ્તારો, ઊંડા પાણીના માર્ગો અને સલામત નેવિગેશન દર્શાવવા માટે દરિયામાં સ્થાપિત કરવામાં આવે છે. સામાન્ય રીતે આ બોય મજબૂત સાંકળ દ્વારા દરિયાના તળિયે સ્થિર રાખવામાં આવે છે. જો કે, દરિયામાં આવેલા તોફાન, ઊંચાં મોજાં અથવા સાંકળ તૂટી જવાના કારણે આ બોય તરતા-તરતા કિનારે આવી પહોંચી હોવાનું અનુમાન છે. આ ઘટનાથી દરિયા કાંઠે લોકોની ભીડ એકઠી થઈ હતી અને કેટલાકે આ વસ્તુ અંગે અનેક અફવાઓ પણ ફેલાવી હતી. જો કે, અધિકારીઓએ તાત્કાલિક સ્પષ્ટતા કરી છે કે આ કોઈ ભયજનક કે વિસ્ફોટક વસ્તુ નથી. તે દરિયાઈ સલામતી માટે ઉપયોગમાં લેવાતું એક મહત્ત્વપૂર્ણ સાંકેતિક સાધન છે, જે જહાજોને સાચો માર્ગ બતાવવામાં મદદરૂપ થાય છે. અધિકારીઓના આ નિવેદન બાદ સ્થાનિક લોકોમાં રાહતનો માહોલ છવાઈ ગયો છે.

વહેવલમાં વાન ચાલકે અડફેટે લેતાં બાઈકસવાર ઘાયલ

અનાવલઃ અંબિકાના વહેવલ ગામની સીમમાં ઘોડીસ્થળ નદીના પુલ પાસે અકસ્માત સર્જાયો હતો. ૧૫ જુલાઈ ૨૦૨૬ના રોજ સવારે ચીખલીના રાનકૂવાના શાર્દુલભાઈ પટેલ પોતાની મોટરસાઇકલ લઈને પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન સામેથી બેફામ ગતિએ આવી રહેલી એક ઓમ્ની વાન નં.(GJ-15-DD-5813)ના ચાલકે અન્ય વાહનને ઓવરટેક કરવાની લ્હાયમાં શાર્દુલભાઈની બાઈકને સામેથી જોરદાર ટક્કર મારી હતી. આ ભયાનક અકસ્માતમાં શાર્દુલભાઈ રોડ પર પટકાતાં તેમને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. ઉપરાંત બંને પગના સાથળના ભાગે તેમજ ડાબા હાથના કાંડા અને આંગળીઓમાં ગંભીર ફ્રેક્ચર થયાં હતાં. આ ઘટના અંગે ઈજાગ્રસ્તના ભાઈ હર્ષદરાય પટેલે ફરિયાદ નોંધાવતાં અનાવલ પોલીસે ઓમ્ની ચાલક વિરુદ્ધ ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ અક્ષયભાઈએ આગળની તપાસ હાથ ધરી છે.

સોશિયલ મીડિયામાં પોસ્ટ મુદ્દે અંકલેશ્વરમાં કારને આગચંપી

ધાર્મિક ટિપ્પણીઓ સામે અવાજ ઉઠાવવાની અદાવતમાં કાર ફૂંકી મરાયાની કારમાલિક રિયાઝ શેખને શંકા



પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેરના સ્ટેશન રોડ વિસ્તારમાં આશિયાના હોટલ પાછળ પાર્ક કરાયેલી ફોર્ચ્યુનર કારને અજાણ્યા શખ્સોએ આગચંપી કરી ફરાર થઈ જતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં નગરપાલિકાના ફાયર વિભાગે તાત્કાલિક સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. સમગ્ર મામલે અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અંકલેશ્વરના સ્ટેશન રોડ ઉપર આશિયાના હોટલ નજીક આવેલી ઉમર રેસિડન્સીમાં રહેતા રિયાઝ શેખે પોતાની ફોર્ચ્યુનર કાર રહેઠાણ નજીક પાર્ક કરી હતી. મધરાત દરમિયાન અજાણ્યા શખ્સોએ કારમાં આગ લગાવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આગની જાણ થતાં ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. જો કે, આગમાં કારને નોંધપાત્ર નુકસાન પહોંચ્યું હતું. ફરિયાદી રિયાઝ શેખે જણાવ્યું હતું કે, તેમણે સોશિયલ મીડિયામાં ઈસ્લામ ધર્મ વિરુદ્ધ ટિપ્પણીઓ કરનારાઓ સામે અવાજ ઉઠાવ્યો હતો. જેની અદાવત રાખી તેમની કારને આગચંપી કરવામાં આવી હોવાની તેમને શંકા છે. સાથે જ પોતાની જાનને પણ જોખમ હોવાનું જણાવતાં તેમણે પોલીસને યોગ્ય સુરક્ષા આપવા માંગ કરી છે. ઘટનાની જાણ થતાં અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે સ્થળનું નિરીક્ષણ કરી પ્રાથમિક તપાસ હાથ ધરી છે તેમજ ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીઓને શોધવા માટે વધુ તપાસ શરૂ કરી છે.

સરભોણ ગામે મોટર ચોરીનો ભેદ ઉકેલાયોઃ ચારની ધરપકડ

ગામના જ બે યુવકની અટકાયત, ભંગારના વેપારીને માલ વેચ્યો હતો

બારડોલીઃ બારડોલી રૂરલ પોલીસે સરભોણમાં સબમર્સિબલ મોટરની ચોરીનો ગુનો ગણતરીના કલાકોમાં ઉકેલી નાંખ્યો છે. આ ગુનામાં સંડોવાયેલા સ્થાનિક બે તસ્કર, ચોરીનો માલ ખરીદનાર વચેટિયો અને ભંગારના વેપારી મળી કુલ ચાર આરોપીની ધરપકડ કરાઈ હતી.

સરભોણ ગામના સોની ફળિયામાં રહેતા અને ખેતીકામ કરતા ૬૬ વર્ષીય વૃદ્ધ રાજેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પારેખે બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, ગત તા. ૧૨ જુલાઈથી ૧૪ જુલાઈ દરમિયાન સરભોણ ગામની સીમમાં આવેલી નહેર નજીકની કુંડીમાંથી કોઈ અજાણ્યો ચોર અંદાજિત રૂ.૧૦,૦૦૦ની કિંમતની ૫ એચ.પી.ની સબમર્સિબલ મોટર ચોરી કરી નાસી છૂટ્યો હતો. ખેડૂતની આ ફરિયાદના આધારે પીએસઆઈ એન.આર.ઢોડિયા અને તેમની ટીમે તપાસ હાથ ધરી હતી. પોલીસે બાતમીદારો અને સ્થાનિક કડીઓ મેળવી સરભોણ ગામના જ બે યુવક ધર્મેશકુમાર શંકરભાઈ રાઠોડ (ઉં.વ.૨૬) અને સાહિલ સુરેશભાઈ નાયકા (ઉં.વ.૨૪)ની અટકાયત કરી કડક પૂછપરછ કરતાં તેમણે આ ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. આરોપીઓની સઘન પૂછપરછમાં ચોરીના મોટા નેટવર્કનો ખુલાસો થયો હતો. તેઓએ આ મોટર મહુવા ખાતે રહેતા ગુલફાહ મેવારામ લોધી રાજપૂતને વેચી દીધી હતી.

પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી ગુલફાહની ધરપકડ કરી હતી. તેની પૂછપરછમાં જાણવા મળ્યું કે તેણે આ ચોરીનો માલ મહુવાના હસ્લામપુરા ખાતે ભંગારનો ધંધો કરતા શાબીર કાલુભાઈ શેખને વેચ્યો હતો. પોલીસે શાબીર શેખના ગોડાઉન પર દરોડો પાડી સબમર્સિબલ મોટરના સ્પેરપાર્ટ્સ અને તેમાંથી કાઢેલો તાંબાનો વાયર રિકવર કર્યો છે. પોલીસે ચારેય આરોપીઓને જેલભેગા કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વર શહેરમાં વિદ્યાર્થિનીઓ પર હુમલો, ચાર સામે ફરિયાદ

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેરના ગાર્ડન સિટી વિસ્તારમાં ટ્યુશન ક્લાસ જઈ રહેલી બે સગી બહેનો, સંસ્કૃતિ અને આકૃતિ પર જૂની અદાવતમાં જીવલેણ હુમલો થતાં ચકચાર મચી ગઈ છે. વિદ્યાર્થિનીઓ મોપેડ પર જઈ રહી હતી, ત્યારે કારમાં આવેલા દેવભાઈ, તેમની પત્ની, માતા અને પુત્રી પલે રસ્તો રોકી ઝઘડો શરૂ કર્યો હતો. આરોપીઓએ બંને બહેનોના વાળ પકડી માર માર્યો હતો. આ દરમિયાન દેવભાઈએ ઉશ્કેરણી કરી કારમાંથી ક્રિકેટ બેટ કાઢી આપતાં પુત્રી પલે બેટ વડે અને દાદીએ ચપ્પલ વડે હુમલો કર્યો હતો. લોકો એકત્ર થતાં આરોપીઓ જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત બહેનોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાઈ છે. પિતાની ફરિયાદના આધારે GIDC પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાયણમાં ગેરકાયદે ક્લિનિક ચલાવતો બોગસ ડોક્ટર ઝડપાયો

પીપોદરા GIDCમાં પણ ઝોલાછાપ ડોક્ટર પકડાયો

ઓલપાડ, હથોડાઃ સાયણ ખાતે રાંદલમાતા મંદિર પાછળ આવેલી સાંઈવિલા રેસિડેન્સીની દુકાન નં.૫માં 'અરના ક્લિનિક' નામનું દવાખાનું ચાલતું હતું. એસ.ઓ.જી. શાખાને મળેલી બાતમીના આધારે પોલીસે ગત રોજ સાંજે આ ક્લિનિક પર દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ક્લિનિક ચલાવતો આરોપી વિશ્વજીત માધવ સરકાર (ઉં.વ.૩૦) (મૂળ રહે.,પશ્ચિમ બંગાળ, હાલ રહે.,સાયણ) ગુજરાત મેડિકલ કાઉન્સિલનું કોઈપણ પ્રકારનું સક્ષમ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર મેળવ્યા વગર જ ગેરકાયદે તબીબી પ્રેક્ટિસ કરતો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસની ટીમે સ્થળ પરથી માનવ જિંદગી જોખમાય એ રીતે રાખવામાં આવેલી મેડિકલ સાધન-સામગ્રી તથા એલોપેથિક દવાઓ મળી કુલ રૂ.૪,૩૫૮નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે ઓલપાડ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ ધી ગુજરાત મેડિકલ પ્રેક્ટિસ એક્ટ ૧૯૬૩ની કલમ ૩૦ અને ૩૫ મુજબ ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી છે. સુરત એસઓજીને બાતમી મળી હતી કે, પીપોદરા જીઆઈડીસી ખાતે આવેલા રાધેસિલ્વર નજીક ગોપી કોમ્પ્લેક્સની દુકાનમાં તપાસ કરતાં રત્ના ક્લિનિક નામનું દવાખાનું ચલાવતા સુબમકુમાર ચાંદપાડા બિસવાસ (હાલ રહે.,પીપોદરા જીઆઈડીસી, મૂળ રહે.,પશ્ચિમ બંગાળ)ની પૂછપરછ કરતા તેની પાસે ડોક્ટરની કોઈ સક્ષમ ડિગ્રી નહીં મળતાં જિલ્લા પોલીસે કેટલીક દવાનાં ઈન્જેક્શનો કબજે કરી તેની સામે કાર્યવાહી હાથ ધરી હતી.

કડોદરામાં ગાંજા સાથે રાજસ્થાનના બે વિદ્યાર્થી ઝડપાયા

પલસાણાઃ કડોદરા જીઆઈડીસી પોલીસે મગનવાડી સામે વોચ ગોઠવી બારડોલીથી કડોદરા તરફ આવી રહેલા રાજસ્થાનના બે યુવક કમલેશસિંહ રાવત (ઉં.વ.૨૨) અને દિનેશસિંહ રાવત (ઉં.વ.૨૩)ને ગાંજા સાથે ઝડપી પાડ્યા હતા. તેમની તલાશી લેતાં ૬,૨૬,૪૦૦નો ૧૨.૫૨૮ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ગાંજા ઉપરાંત ૩ મોબાઈલ અને રોકડ સહિત કુલ ૬,૪૨,૦૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ જથ્થો ઓરિસ્સાના રાજુ નાયક પાસેથી લાવીને અમદાવાદના સાહિલને પહોંચાડવાનો હતો. પોલીસે બંનેને વોન્ટેડ જાહેર કર્યા હતા.

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૮૩/૨૦૨૬
તા.૦૭/૦૭/૨૦૨૬

વાદી :- ઈકબાલબેગ આજમબેગ મીરઝા, રહે.કોઢવા, દરગાહ ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ સબરજીસ્ટ્રાર માંડવી નગરપાલિકા, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ઇકબાલબેગ આજમબેગ મીરઝા, રહે.કોઢવા, દરગાહ ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦એ તેઓના પુત્ર મોહમદજાકીર ઇકબાલ મિરઝાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: મોહમદજાકીર ઇકબાલ મિરઝા ૨. જન્મ તારીખ: ૧૦/૦૧/૧૯૮૫ ૩. જન્મનું સ્થળ: મોજે.માંડવી, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોકત વિગતે મોહમદજાકીર ઇકબાલ મિરઝાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૭/૦૯/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૭/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

Milano MULTIPLEX
બારડોલી
Dhamal 4
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
The Odyssey
11:00am, 02:15pm, 05:30pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333